GJDH030029812025

રજુ તારીખ : ૦૫/૦૩/૨૦૨૫
દાખલ તારીખ : ૦૫/૦૩/૨૦૨૫
જજમેન્ટ તારીખ: ૦૭/૦૩/૨૦૨૬
અવધિ :વર્ષ–માસ–દિન
૦૧–૦૦–૦૨

નામદાર સુપ્રીમ કોર્ટના **SUO MOTO WRIT(CRL) NO.(S)** 1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર **VI** ના 179–**A** અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તારીખ : ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.

**FORM–A**

---

દેવગઢ બારીઆના મહેરબાન એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. દેવગઢબારીઆ, જિલ્લો – દાહોદ.

---

શ્રી એસ. ઓ.ગર્ગ, એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, દેવગઢ બારીઆ.

ચુકાદાની તારીખ – **૦૭/૦૩/૨૦૨૬**

ક્રીમીનલ કેસ નંબર: **૯૫૭/૨૦૨૫**

આંક–

| એફઆઈઆરની વિગતો/ ગુનો અને પોલીસ સ્ટેશન. | |
|---|---|
| પોલીસ સ્ટેશન | સાગટાળા પોલીસ સ્ટેશન. |
| ગુનો | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૨૮૧ |
| તોહમતનામાં મુજબ તોહમત | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૨૮૧ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| વિદ્વાન એ પી પી શ્રી | એસ. એમ. ડામોર |
| આરોપી | ધર્મેન્દ્રભાઈ લક્ષ્મણભાઈ બારીઆ, ઉ.વ.૨૭, રહે. ભુતપગલાં, પટેલ ફ., તા.દેવ.બારીઆ, જી.દાહોદ. |
| આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી | એન.કે.રાઠવા |

**FORM-B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૨/૦૮/૨૦૨૪ |
| ફરિયાદની તારીખ | ૦૨/૦૮/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૦૫/૦૩/૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યા/ પ્લીની તારીખ | ૧૮/૦૮/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૮/૦૮/૨૦૨૫ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ | ૦૭/૦૩/૨૦૨૬. |
| ચુકાદા તારીખ | ૦૭/૦૩/૨૦૨૬. |
| સજાના હુકમની તારીખ જો હોય તો | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા હોય છે કે કસૂરવાર? | શું સજા કરી | ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ: ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તારીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| 1. | ધર્મેન્દ્ર ભાઈ લક્ષ્મણ ભાઈ બારીઆ | – | – | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૨૮૧ | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. | – | – |

# FORM-C

ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ.

ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો

(અ) ફરિયાદ પક્ષ તરફે

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી – સંજયભાઈ દલપતભાઈ પટેલની જુબાની | ૦૮ |
| ૨ | પંચ સાહેદ – નિરંજનભાઈ વાલજીભાઈ રાઠવા ની જુબાની | ૧૬ |

(બી) બચાવ પક્ષે જો સાહેદ હોય તો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

(સી) કોર્ટ તરફે સાહેદ.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજી પુરાવો

| અ.નં | | આંક |
|---|---|---|
| 1 | આરોપીની શરીર સ્થિતિનું પંચનામું | ૧૭ |
| 2 | ફરિયાદ | ૦૯ |

બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

<u>મુદ્દામાલની વિગત</u>

| અ.નં. | વિગત |
|---|---|
| – | – |

**–:જજમેન્ટ :–**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઇ તારીખ ૦૨/૦૮/૨૦૨૪ ના રોજ કલાક : ૧૭/૩૦ વાગે મોજે. ભુતપગલાં ગામે રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની હીરો કંપનીની એચ.પી. ડીલક્ષ ગાડી નં. જી.જે.૨૦.બી.ઈ. ૧૦૭૬ ની ગાડી માણસોની જીંદગી જોખમાય તે રીતે વાહન પૂરઝડપે અને બેફીકરાઈ અને ગફલતભરી રીતે હંકારી લાવી પકડાઈ જઈ ગુનો કરી કરેલ છે. જેથી આ કામના ફરીયાદીએ સદર બનાવ અંગેની ફરીયાદ સાગટાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે.

2. ફરીયાદીની સદર ફરીયાદ સાગટાળા પોલીસ સ્ટેશને પાર્ટ બી ગુના રજીસ્ટર નંબર ૦૭૯ ૮/૨૦૨૪ થી નોંધી આ ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીને તપાસ મળતા તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપીની શરીર સ્થિતિનું પંચનામું તથા સાહેદોના નિવેદનો નોંધેલ તથા તપાસ કરીને તપાસના અંતે આરોપીની સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ (જેને હવે ટુંકમાં બી. એન. એસ. તરીકે સંબોધેલ છે) ની કલમ–૨૮૧ મુજબના ગુના સબબના પુરતા પુરાવાઓ પડેલ હોય તે બદલનું ચાર્જશીટ ફાઇલ કરેલ છે.

3. આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઇલ થતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે સમન્સ કાઢવામાં આવતાં આરોપી તેના વિધ્વાન વકીલશ્રી મારફતે અત્રેની અદાલત રૂબરૂ ઉપસ્થિત થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ (જેને હવે પછી ટુંકમાં બી.એન.એસ.એસ.–૨૦૨૩ તરીકે સંબોધેલ છે) ની કલમ–૨૩૧ મુજબ પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૭૪, મુજબ આરોપીને તેઓની સામેનો ગુનો વાંચી સમજાવી સંભળાવીને આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેની સમક્ષનાં ગુનાનો ઇન્કાર કરતાં આરોપી સામેનું તહોમત પુરવાર કરવા ફરીયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

4. ફરીયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાની મૌખિક જાહેરાત કરતાં આ કામે રેકર્ડ ઉપર પુરાવો ધ્યાને રાખતાં આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીપક્ષે પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે અને જણાવેલ છે કે તેઓની સામે ખોટો કેસ કરવામાં આવેલ છે. તેઓ નિર્દોષ છે અને છોડી મુકવા અરજ ગુજારેલ છે.

5. ત્યારબાદ વિ.વ.શ્રી.ઓની દલીલો સાંભળવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી દ્વારા ખુબજ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

6. સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા,ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે

6.1. શું ફરિયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઇ તારીખ ૦૨/૦૮/૨૦૨૪ ના રોજ કલાક : ૧૭/૩૦ વાગે મોજે. ભુતપગલાં ગામે રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની હીરો કંપનીની એચ.પી. ડીલક્ષ ગાડી નં. જી.જે.૨૦.બી.ઈ. ૧૦૭૬ ની ગાડી માણસોની જીંદગી જોખમાય તે રીતે વાહન પૂરઝડપે અને બેફીકરાઈ અને ગફલતભરી રીતે હંકારી લાવી પકડાઈ જઈ ગુનો કરી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

6.2. શું અંતિમ હુકમ ?

7. ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

7.1. નકારમાં,

7.2. આખરી હુકમ મુજબ.

<u>–: નિર્ણયો માટેના કારણો :–</u>

8. મુદ્દા નં. ૧ વિશે ચર્ચા :–

8.1. આ કામે આરોપી સામે બી. એન. એસ.ની કલમ–૨૮૧ મુજબનો ગુનો આક્ષેપાયેલ છે. જેની સાબિતી માટે ફરીયાદ પક્ષે કુલ ૨ સાહેદોને તપાસવામાં આવેલ છે. બી.

એન. એસ.ની કલમ–૨૮૧ ની સાબિતી માટે ફરીયાદ પક્ષે આ કામના આરોપી પોતાનું વાહન બેદરકારીપુર્વક અને ગફલતભરી રીતે ચલાવતાં હતાં તેવું સાબિત કરવાનું રહે છે.

**–: <u>ફરિયાદ પક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન</u>:–**

**8.2.** હવે, હાથ ઉપરના કેસના તથ્યો તરફ વળીએ તો આ કામના ફરીયાદીએ એ મુજબનો આક્ષેપ કરેલ છે કે આ કામના આરોપીએ બનાવવાળી જગ્યા, સમય અને સ્થળે પોતાના કબજાની એચ.પી. ડીલક્ષ ગાડી નં. જી.જે.૨૦.બી.ઈ. ૧૦૭૬ ને જાહેર રોડ ઉપર આવતાં જતાં રાહદારીઓની તથા પોતાની જિંદગી જોખમાય તે રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી પકડાઇ જઇ ગુનો કરેલ છે. જે બાબતે રેકર્ડ ઉપર રજુ ફરિયાદી તથા તથા પંચસાહેદોની જુબાની તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો આ કામે તપાસવામાં આવેલ તમામ સાહેદો પોલીસ કર્મચારી છે. તેમજ આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદો પંચનામાને સમર્થન કરેલ નથી. તેમજ આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદ પોલીસ કર્મચારી હોય તેઓએ રેકર્ડ મુજબની જુબાની આપેલ છે. તેમજ સદર કામે ફરીયાદી તથા સાહેદ એ તેમની ઉલટ તપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે બનાવવાળી જગ્યા હાઈવે રોડ ઉપર આવેલ છે તથા વાહનની સ્પીડનો ઉલ્લેખ ફરિયાદમાં કરેલ નથી. તેમજ જે તે સમયે તેઓની સાથે વાહનની સ્પીડ માપવાનું કોઇ યંત્ર ન હતુ. તથા તેઓએ કોઈ સ્પીડો મીટરથી સ્પીડ માપેલ નથી તથા બનાવવાળા રસ્તા ઉપર ઘણાં બધા વાહનો અને માણસોની સતત અવર જવર રહે છે. આમ, ફરિયાદી તથા પંચસાહેદોની જુબાની પરથી આરોપીની ઓળખ પ્રસ્થાપિત થાય છે પરંતુ આરોપી પોતાના કબજાના વાહનને ગફલતભરી રીતે ચલાવતાં હોય તે બાબત સાબિત થતી નથી અને તેથી ફરિયાદીની જુબાની ઉપરથી આરોપી સામેના આક્ષેપો શંકાથી પર સાબિત થતાં હોય તેવું જણાય આવતું ન હોય ત્યારે રજુ થયેલ પંચનામા અને ફરીયાદના આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહી.

**9.** આમ, આ કામના આરોપી સામે આક્ષેપાયેલ ગુનો ફરીયાદ પક્ષ શંકાથી પર સાબિત કરી શકેલ ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## –:: આખરી હુ ક મ ::–

1. આ કામના આરોપી **ધર્મેન્દ્રભાઈ લક્ષ્મણભાઈ બારીઆ, ઉ.વ.૨૭, રહે. ભુતપગલાં, પટેલ ફ., તા.દેવ.બારીઆ, જી.દાહોદ** નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૨૭૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૮૧ મુજબનાં ગુનાના કામે શંકાનો લાભ આપી નીર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.
2. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ– ૪૮૧ મુજબ આરોપીએ આપેલ જામીન ૬ મહિના સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**ચુકાદો:– આજરોજ તા. ૦૭, માહે – માર્ચ – સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ– ૦૭/૦૩/૨૦૨૬**

**સ્થળઃ – દેવગઢ બારીઆ**

**( સંજયકુમાર ઓ. ગર્ગ )**
**એડી. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**દેવગઢ બારીઆ**
**કોડ નં. જીજે૦૧૭૩૮.**